પ્લેગ વર્ણન

યાને

ગાંઠીઆ તાવનો ચિતાર.

રચનાર

ભરૂચ વાસી કવિ

ધીરજરામ નરભેરામ પુરાણી.

અમદાવાદ

"આર્યોદય" પ્રેસ.

સંવત ૧૯૫૪—સને ૧૮૯૮.

કિમત ચાર આના.

પ્લેગ વર્ણન.

મેઘ છંદની ચાલ.

આ સૂરત શ્હેર મ્હશૂર છે, આનંદને માટે,
મોજમઝા ભરપૂર જ્યાં, વાટે ને ઘાટે;
સુઘડ સોહાગી ને ફાંકડા રે, સ્હેલાણી સૂરતી લોક,
રડવડતા તે રોડા સમા ફરે, પ્લેગ પડાવેછે પોક રે,
નિશ દિન ઉચ્ચાટે. ૧

નમાયા થઈ કાયા ગળી, ડમાયા ભૂખ દુઃખથી;
પુત્ર સુમિત્ર વિયોગથી, ઊડી ઊંઘ અસુખથી;
સુખ સઘળાં હુલી ગયાં રે, મરકી મચાવે છે જંગ;
ઘા કરી અંગ અપંગ કરીને, રંગમાં પાડ્યો તેં ભંગ રે.
નૂર નાઠાં છે મુખથી. ૨

રસિક રંગીલા ને મોજીલા, સૂરતના વાસી;
કારમા કોપથી કંપીને, ગયા ગામથી નાશી;
ફાંસી ખાધા બહુ ફાંકડા રે, વાંકડા લેનાર* વર;
ઘર ઘર ઊંદર બહુ મરેરે, ધિક્ક ધિક્ક ગાંઠિયા જ્વર રે;
કીધાં સૌને ઉદાસી. ૩

---

* ઊંચા કૂળના, પહેરામણી લઇ પરણનાર. અનાવલા લોકોમાં " વાંકડા " શબ્દનો ઉપયોગ થાય છે.

ગાડી ઘોડા બગીઓતણા, ગગડાટ ગયા ક્યાં;
ભરચક જ્યાં નરનારની, સુનકાર થયો ત્યાં;
શું શું ખાઉં જેઓ* ભાખતા તે, શું ખાઉં ભાખે છે આજ;
મેવા મીઠાઈમાં મ્હાલતા તે, શોધે છે સોંઘું અનાજ રે;
શોક વરશી રહ્યો ત્યાં. ૪

મહેલ સરખા મકના બન્યા, સખના નહીં રહેતા;
વિખના કીડા વકરી ગયા, સ્વપને નહીં લ્હેતા;
ભરતા મબલખ માલ તેવા, નરને થઈ આજે હાણ;
અબલખ ઘોડા દોડાવતા તે, ચઢીને ચાલ્યા મસાણ રે;
કાંધુને સાથે§ લેતા. ૫

હાલત બગડી રે હાલની, શગડી ધગધગતી;
આશ ન કોઈને કાલની, કાલણી વખવખતી;
રાક્ષસણી ઘૂમે ગામમાં રે, પાડીને મ્હોટી બરાડ;
ફકિર અમીરને ફાડી ખાતી, કતલ કરી કરે ખ્વાર રે;
અસિ લઈ ઝઘઝઘતી. ૬

કાચું ન રાખ્યું તેં સાપણી, સાચું કહે ક્યારે જાશે;
ન્હાસે તને જોઈ માનવી, હજુ કયાં સુધી ખાશે;
ગાશે ત્હારા સહુ રાજીયા રે, કવિ કરશે કલ્પાંત;
અહંકારી જડવાદી ને નાસ્તિક, વિસરી નિજ સિદ્ધાંત રે;
હારી શ્રીહરી ગાશે. ૭

---

* જેમને ભાવતાં ભોજન મળતાં, ઘણી ખાવાની વસ્તુઓમાંથી શું ખાવું અને શું મૂકી દેવું તેની સુજ નહોતી પડતી, તેઓને હવે ખાવા મળતું નથી.

§ બાળવા જનાર કાંધુ પણ મરી ગયા.

દિન પ્રતિદિન રે, પ્લેગનો થાય વધારો, આવી ખોલે
છે સર્પનો ભારો;
જન ઘર ઘર રે, જોઈ કરે છે પોકારો, પ્રભુ સંકટ ટાળી
ઉગારો.

ઝૂલ.

તું છે સઉનો સરજનહારો રે,
પ્રભુ એક ભરોસો ત્હારો રે,
આ બગડી હવાને સમારો રે,
જગ કરતા રે, શાંતિ કરી સહુ ઠારો, દુનિયાનું દુઃખ
નિવારો. ૩
વારા ફરતી રે, લાવે બધાનો વારો, પ્લેગ પાપીનો
પંથ જ ન્યારો;
ગભરાટે રે, ઘર ઘર વેઠે ઘસારો, એની હેબતે વાધે
વિકારો.

ઝૂલ.

કરે થાઈને ધમ [illegible] સારો રે,
વિના તો [illegible] મારો રે,
પ્રભુ [illegible] સંહારો રે,
ધીરજની [illegible] સ્વીકારો, દુનિયાનું દુઃખ
નિવારો. ૪

ગરબી.

પુનેમ ચાંદની ખીલી પુરી અહીં રે—એ રાહ.

દયાનિધિ દીન જાણીને દયા ધરે। રે,
ઠામ ઠામ ત્રાહ્ય ત્રાહ્ય વરતાય,
કારી મરકીને દૂર શ્રી હરી કરો રે. ટેક.
જહીં તહીં જન દીસે સઉ શોકમાં રે,
નહીં ચાલે લેશ કોઈનો ઉપાય,
કારી મરકીને દૂર શ્રી હરી કરો રે.

સાખી.

નવીન રોગ પ્રગટ થઈ, વાળ્યો સઉનો ઘાણ;
સારા નરતા મનુષ્યના, પળમાં લીધા પ્રાણ.
કાળ રૂપ થઇ સઉની કેડે પડયો રે,
કર ખપ્પર લઈને ખોળી ખાય,
કારી મરકીને દૂર શ્રી હરી કરો રે. ૧

સાખી.

વિપરીત કાળ નિહાળીને, ચિત્તમાં ચિંતા થાય;
પ્રાણ પડીકે બાંધિયા, સુખ સ્વપ્ને ન જણાય.
બદ્ધ બુદ્ધ ખોઈ બે [illegible] વરા રે,
[illegible] પ્લેગ જોઇ ઘણા
કારી મરકીને [illegible]

સાખી.

મર્યું તણે શરણે થયા, રહ્યો ન કાંઇ [illegible]
પળમાં પ્રાણે થઈ ગયા, જરા ન લાગી વાર.
ઝાડ જેવા પાડી ભૂમીમાં ભેળા કર્યાં રે,

તે બિચારાં ધામ તજી આમ તેમ ધાય છે;
તાવના આ દાવથી મુકાવવા સુયત્ન કરો,
નહીં તો સૂરત સારૂં પાયમાલ થાય છે. ૧
કોણ જાણે કેવા તે મ્હૂરતમાં સૂરત માંહી,
પ્લેગ પગલાંએ પાર વનાં દુઃખ દીધાં છે;
શોક પગલાં તો સારાં હાવાં ન લાગે અકારાં,
વપુનો વિનાશ કરી સુખ હરિ લીધાં છે;
પ્લેગ દુઃખ ત્રાહથી મનુષ્ય નાસાનાસ કરે,
વન વાસ કરી ઘરે ઘર તાળાં દીધાં છે;
ધીરજની ધીરજ તો ધરામાં ધરાતી નથી,
દેખી ના ખમાય પ્રભુ પાપ તે શાં કીધાં છે ! ૨
રવિ શશિ પૂંઠે પડી રાહુ તો ગ્રહણ કરે,
પણ એક પ્હોરમાં તે મુક્ત કરી જાય છે;
પ્હોરનો પૂંઠે પડેલો ગાંઠિયો આ તાવ રાહુ,
સૂર્ય રૂપી સૂરતને મારી ફાડી ખાય છે;
મુઆં તેનાં સગાં વ્હાલાં અધ મુઆં કરે તો એ,
નિરજીવ વસ્તુ હારાં સ્નાન કરી ન્હાય છે;
સ્હેલાણી સૂરતી હવે નાશીને તે જાય કહાં,
જહાં જાય તહાં હાય પૂંઠે ખાવા ધાય છે. ૩
ખાળવા જાએ તે ખળે નહીં એમ કહેવત છે,
ખાળવા ગયા તે ખળ્યા પ્લેગ એમ મ્હાલે છે;
ખુદાની ખફગી તેમાં તાવની હેબત થકી,
આનંદી સૂરતી જીવ ઝડપથી ઝાલે છે;
અન્ય રોગ મોતમાં તો જાતે મરનાર મરે,

આતો સગાં વખો દઈ દેશવટો આલે છે;
સંવત ઓગણીસેં ને તેપન ચોપન સાલ,
તાવ ને દુકાળ દુઃખ દિલ માંહિ સાલે છે. ૪
ખુદ સરકારને આ ગાંઠિયો તો ગાંઠે નહીં,
કતલ કરીને કહેર કીધો તાવ પાપીએ;
વારે કોણ હારે સઉ વ્હારે કોણ ધાય હવે,
દુઃખ તો અમાપ તેને માપતાં શું માપીએ!
ગુણકારી દવા હવા સરકાર સારી કરે,
કષ્ટ નષ્ટ થાય નહીં દુઃખ કહાં દાખીએ!
ભરૂચી ધીરજ કહે પડોશી સૂરત તણાં,
કષ્ટ કાપવાને અરજી તે કહાં આપીએ! ૫
સદાવ્રત આપતા તે સદાવ્રત લેવા તાકે,
મ્હેલ મેડી તજી માંડવામાં રાંધી ખાય છે;
ફલાલિન ઊન વસ્ત્ર શાલ ઓઢી સ્હેલ કરે,
શીઆળાની ટાઢમાં તે ટાઢે પાણી ન્હાય છે;
રૂકમ ભરીને દર ઊઘરાણું આપતા'તા,
તે બિચારા માટે હાલ ઊઘરાણાં થાય છે;
રોજગાર વિના રોઈ નથી જમતા રસોઈ,
વખાના વનેખામાં તે ભૂખે મરી જાય છે. ૬
અફગાન મસતાન જુલમોને જેર કરી,
શત્રુનો સંહાર કરી પ્રજા સુખ આપેછે;
એવા સરકારની આ દરકાર કર્યા વિના,
પ્લેગ ને દુકાળ સરકારને સંતાપે છે;
આસમાની આફતોની જાફતો જુલમ જોઈ,

દેશી ને વિદેશી સઉ છાપા માંહિ છાપે છે;
પુરૂષ પ્રયત્ન કરી થાકીને નિરાશ થયા,
પ્રભુ વ્હારે ધાઓ પ્લેગ કાળજાંને કાપે છે. ૭
થવાનું તે થયા કરે રે'વાનું તે રહ્યા કરે,
જાયા તે જવાના ઘટમાળ ચાલી આવે છે;
આનંદી સ્વભાવનો નિભાવ કરે આફતોમાં,
થોડે ઘણો લ્હાવો લઇ પાન પટ્ટી ચાવે છે;
આનંદની મૂરતીઓ સૂરતની ઘડી હશે,
વેદ મૂરતીઓ વિપ્ર હસીને હસાવે છે;
ધીરજ વીનવી હરિ હર ગણેશાંબિકાને,
સૂર્યપુર કષ્ટ નષ્ટ કરવા મનાવે છે. ૮
દૈવ કોપ રોકવાને ટક્કર કો ઝીલી શકે,
વક્કર ગુમાવી ફટ ચક્કરમાં ચઢે છે;
જક્કર કરીને કદી ઈશને ન શીશ નામે,
છક્કડ મારીને પ્રભુ રોગ રૂપે નડે છે;
સ્વારથ અગાડી પુણ્ય પાપને ન ગણે જરી,
સત્ય શીખ આપે તેની સાથ દુષ્ટ લડે છે;
ધીરજ કહે છે ગોળી મારનો અવાજ નથી,
તાવ ને દુકાળ રૂપી ગુપ્ત માર પડે છે. ૯
સ્હેલાણી સૂરતીઓના શ્હેરને ઘેરો ઘાલીને,
કારી મોત કરી કહેર કીધો જ્વર ગાંઠીએ;
બારે દરવાજા બ્હાર પાર વના લોક પડયા,
ઝુવા તે ગાડે ચઢીને બળ્યા તટ તાપીએ;
વગર વેદાંત ભણે દુઃખને વિસારી દઈ,

દિલને રિઝાવા મળી ચાર જણા ચ્હા પીએ;
ધીરજ કહે છે પ્રભુ ઉમંગી રમુજીઓના,
કષ્ટ કાપવાને અરજી તે તને આપીએ. ૧૦
જાનથી બેજાન કરી જણસોનું જાન કર્યું,
સૂરતનું વિત્ત હર્યું એવો પ્લેગ સખ્ત છે;
અંતરનાં સગાં હાડે કહીને તે હાંકી કાઢે,
વ્હાલાં ખાઉ કહેતા હતા તેવો તે આ વખત છે;
વ્હાલાંમાંથી હેત જશે લોક બેઈમાન થશે,
કળિ કાળ જ્યારે હશે શાસ્ત્રમાં લખત છે;
ધીરજ અધીર થઇ કથે છે કવિતા ગાઈ,
તાવનો ન્હાનો જગાઈ ખરો તે કમબખ્ત છે. ૧૧
જગ કરતાની સત્તિ બંદગી બજાવશો તો,
જીંદગીમાં ચીનગી પડેલી તે બુઝાવશે;
દુઃખ રૂપી વાદળું જે આવીને પડયું છે શિર,
તેને તોડી ફોડી નાંખી હવામાં ઉડાવશે;
નિરાધારનો આધાર મહિમા એનો અપાર,
દીનનો દયાળ દીન જાણી દયા લાવશે;
ધીરજ કહેછે ધારી ધીરજની ઢાલ ધરો,
કૃપાનાથ કૃપા કરી કષ્ટને સમાવશે. ૧૨

દોહરા.

મરકીની મ્હોકણ થકી, હાય હાય કહે લોક;
સૂરતમાં સઘળે દીસે, શોક શોકને શોક.

કાળ કૃાળ વિકાળ દઈ, હણે સર્વના પ્રાણ;
રકારોળ આ રોળમાં, લાવેછે કોઈ કાણ.
જે જન રડ્યા સવારમાં, રડતાં તેને સાંજ*;
પ્રલય કાળ આવ્યો દીસે, નહી સંશય એમાં જ.
હાલત જોઈ હાલની, દિલમાં આવે દાઝ;
કેવી રીતે આ સમે, રહેશે સૌની લાજ.
ભારે મરકી થાય ને, તેમાં ભૂખનું દુઃખ;
અન્ન વિના અકળાઈને, કરમાયાં સૌ મુખ.
નિરાશ્રિતના ફંડમાં, ધન આપો ધનવંત;
ક્ષુધા કડાકા ટાળવા, દયા ધરો ધીમંત.
મુજમાં તો શક્તિ નથી, હું છું સૌનો દાસ;
ભટ મેવાડો વિપ્ર ને, રેવા તટ પર વાસ.
પીર પેગંબર ઓલીયા, કરો હવે આમીન;
હિંદુ આદિક કોમનો, ગણો મ્હને જામીન.
અહુર્મજદ દાદાર છે, સાહ્ય કરો જરથોસ્ત;
નહિતો શોખિન શ્હેર આ, થાશે જમીનદોસ્ત.
જોવ ગૉડ તું એક છે, વળી ખુદા ભગવાન;
મુજ મિત્રોને માફ કર, બહુ થયા હેરાન.
ગરૂડ ચઢી ગોવિંદજી, સંકટ કરજો નાશ;
પ્લેગ દુષ્ટ પાપી બધે, વરતાવે બહુ ત્રાસ.
મૃત્યુંજય મહાદેવ તું, સુરતને કર સ્હાય;
પ્રજા કરે પોકાર બહુ, તાવ તણી જોઈ લ્હાય.

---

* તે મરી જવાથી સાંજે બીજા તેને રડે છે.

ધીરજની આશિષ છે, સાહ્ય થશે જગદીશ;
ટળવળાટ મુજ જોઈને, વ્હારે ધાશે ઈશ.

મરશીઆ.

હાય હાય રે લ્હેરીની લ્હેજત લૂંટાવી,
લીધા પ્યારાના પ્રાણુ : ટાવી ,
    હાય હાય રે લ્હેરીની લ્હેજત લૂંટાવી. ૧
કોઈ મ્હાલે છે મ્હેલ અટારી,
કોઈ બેઠા ઝરૂખે ને બારી;
ઝટ પટકીને કીધા આજારી રે,
        હાય હાય રે લ્હેરીની. ૨
થયો કયા જનમનો તું વેરી,
તારો જખમ લાગે છે ઝેરી;
તારી કરણી દીઠી છે નમ્હેરી રે,
        હાય હાય રે લ્હેરીની. ૩
ન્હાનાં મ્હોટાંને દીધાં તેં ગાડી,
હજુ પગલાં ભરે છે અગાડી;
સારી સૃષ્ટીમાં હડતાલ પાડી રે,
        હાય હાય રે લ્હેરીની. ૪
કહાડી *જાન જવાની જાન મ્હોટી,
પ્લેગે છીનવી છે લોટી ને રોટી;

---

* જીવ.

કાઢયા ઘરથી વળાવી લંગોટી રે,
હાય હાય રે લ્હેરીની. ૫
વિના શાહી તેં ચૂનો છંટાવ્યો,
પરદેશ જવા પાસ લેવડાવ્યો;
શબ્દ "કવારન્ટાઈન" શિખવાડયો રે,
હાય હાય રે લ્હેરીની. ૬
લાવી લગનમાં વિઘન તેં નાંખ્યાં,
બાળ બચ્ચાંઓ કુંવારાં રાખ્યાં;
મુંગે મ્હોડે એ દુઃખ સઉ સાંખ્યાં રે,
હાય હાય રે લ્હેરીની. ૭
વિના તીરથ તેં સૌને*ન્હવાડયાં,
વિના મુએ તેં સનાન કરાવ્યાં;
સારાં નરતાં સા લુગડાં બોળાવ્યાં રે,
હાય હાય રે લ્હેરીની. ૮
તને આદમીનો ભોગ ભલો ભાવ્યો,
કેર કરીને કાયદો કરાવ્યો;
મેળ* મરકીનો રોજ રખાવ્યો રે,
હાય હાય રે લ્હેરીની. ૯
અતિ આશા ભરી કંઇક સ્ત્રી રંડાવી,
ગુસ રાખે તેને દે તું દંડાવી;

---

* આણંદ વગેરેની ડિસઇન્ફેકશન કેમ્પોમાં.

* મરકીના કેસોનો રોજમેળ; ગઈ કાલના આટલા બાકી, આજ આટલા નવા થયા, આટલા મુઆ કે સાજા થયા, આજ સાંજે આટલા સિલક, વગેરે હિસાબ.

ઠામ ઠામ તેં તો મ્હોકાણુ મંડાવી રે,
હાય હાય રે લ્હેરીની. ૧૦
આગ રેલની તો ન્હોતી નવાઈ,
પાપી પ્લેગે તો કીધી સવાઈ,
÷ ભગવાનદાસની તે કીરતી ગવાઈ રે,
હાય હાય રે લ્હેરીની. ૧૧
થઈ જાત્રાઓ બંધ એક તડાકે,
ચેપી રોગ તણા ભોગને ભડાકે,
મરકી રૂપી ભૂમીકંપને કડાકે રે,
હાય હાય રે લ્હેરીની. ૧૨
વકરી મુંબઇમાં પાછી આ મરકી,
હવે સૂરતના કાંહાં જાય સરકી,
સઉ આલમ દુનિયા ગઇ થરકી રે,
હાય હાય રે લ્હેરીની. ૧૩
સૂરત મુંબાઇનો બધે બલિહારી,
તેને ચાવે જેમ સુર્હૂ વરીઆળી,
બધે પ્હેરાવી પાઘડી ગળીઆરી રે,
હાય હાય રે લ્હેરીની. ૧૪
આગે સૂરતને માંર્યું છે ભારી,
તેને મુંબાઇએ રાખ્યું ઉગારી,
સખી મુંબાઇને નાંખે શિદ મારી રે,
હાય હાય રે લ્હેરીની. ૧૫

÷ સૂરતની હિંદુ પ્લેગ હોસ્પિટલના વૈદ્ય, જેમણે ઘણી હિમ્મત અને ઘણા શ્રમથી દરદીઓની સારવાર કરી, અને તેમ કરતાં પોતાનો જીવ પણ ખોયો.

સૂરત મુંબાઈ કરાંચીને પૂના,
જેના જોતાં જડે ના નમૂના,
એ ચારેને કીધાં તેં સૂનાં રે,
હાય હાય રે લ્હેરીની. ૧૬

પ્લેગ ક્રૂર કૃતિ જોઇ ધ્રૂજે હિંદ,
કચ્છ ગુર્જર દક્ખણ અને સિંધ,
જ્યાં વળગ્યો ત્યાં વળગ્યો થઇ જીંદ રે,
હાય હાય રે લ્હેરીની. ૧૭

દયાસિંધુ દયા દિલ ધરશે,
પ્લેગ પાપીને નિરમૂળ કરશે,
બળ્યાં જળ્યાં હૈયાં ત્યારે ઠરશે રે,
હાય હાય રે લ્હેરીની. ૧૮

તાવે તાવી આ રૈયત બિચારી,
પ્રભુ મનમાં લે હવે વિચારી,
જેમ નરસિંહની હુંડી શિકારી રે,
હાય હાય રે લ્હેરીની. ૧૯

ઓગણો તેપન ચોપન સાલ સાલે,
સૂરત મુંબઈ કીધું પાયમાલે,
આખી દુનિયાના મંનમાં તે સાલે રે,
હાય હાય રે લ્હેરીની. ૨૦

નાળો ઉકેલી ઘર કીધાં કાણાં,
આખાં માણસનાં આથી અથાણાં,
તેથી મોંઘાં થયાં કાષ્ટ છાણાં રે,
હાય હાય રે લ્હેરીની. ૨૧

મોંઘાં માનવીને સોંઘાં તેં કીધાં,
સુખ શાન્તિને સુવાડી દીધાં;
રૂપ રોળીને રૂધિર પીધાં રે,
હાય હાય રે લ્હેરીની. ૨૨

દુઃખ વ્યાપી રહ્યું સર્વે ઠામે,
સુખ દીસે નહીં સ્વપ્નામેં;
જોઇ લખ્યું છે ધીરજરામે રે,
હાય હાય રે લ્હેરીની. ૨૩

ગરબો.

મરકી જ્વર પલિત વળગી મુંબઇને, બહુ કરે
તારાજ, જોઇ સઉ થાય છે નારાજ;
દેહુને દમતી, પ્રાણ પજવતી, છાનવી લેતી સુખનાં
સાજ, ભડો ભક્ષ ક[illegible]હારાજ. ટેક.

સાખી (મહાડનો)

વિચિત્ર તાવ દુકાળથી રે, ધર્મ તજ્યા કંઇ લોક,
આપઘાત કરી કંઈ મુઆ રે, થયા લાશના થોક;
કાયા કંપે, જીવ ન જંપે, જગ કરતા જરા શિર-
તાજ, મરકી ટાળ, ગરીબ નિવાજ;
મરકી જ્વર પલિત વળગી મુંબઈને, બહુ કરે
તારાજ, જોઈ સઉ થાય છે નારાજ;
કહાડે નહીં પાછી ન્હાની ને, હાની કરે, કરી ક્રૂર
કાજ, ચાલુ બંધ પડયા રીવાજ. ૧

સાખી.

પ્લેગ ભયંકર અગ્નિના રે, તનખા જાય છે દૂર,*
જહાં પડે તહાં પ્રાણ લે રે, હરે ખલકનું નૂર;
ભમતી મરકી ભવિષ્ય× ભેચો કાઢે, કંઈ નથી ઉર દાઝ,
માંદાં કરી કર્યાં મ્હોતાજ;
મરકી જ્વર પલિત વળગી મુંબઈને, બહુ કરે
તારાજ, જોઈ સઉ થાયછે નારાજ;
હુમલો કરી અચાનક અનહદ, પ્રાણ ભંડી કર્યા
હરાજ, અનરથ કરી ડુબાવ્યાં આજ. ૨

સાખી.

તદબીર વૈદ્ય કરી મથ્યા રે, દવા નથી અકસીર,
તકદીર કંઇ લડતું નથી રે, પડી છે શું તકસીર;
ખુદા ખેર કરે તો મ્હેર મુલકમાં, થાય બધે જય
આજ, થાકી બેઠા અક્કલબાજ;
મરકી જ્વર પલિત વળગી મુંબઈને, બહુ કરે તારાજ,
જોઇ સઉ થાયછે નારાજ;
ઈશ્વર ભજવા, દુર્ગુણ તજવા, છોડીને ખાલી પત-
રાજ, નહિ રહે લાજ, કરો ઈલાજ. ૩

સાખી.

દુનિયાં દુખ પામે બહુ રે, મુજ અરજી ઉર ધાર,

---

* પશ્ચિમ હિન્દુસ્તાનમાં ચાલતી હતી તેટલામાં પંજાબ, કલકત્તા, વગેરેમાં ચાલવા માંડી

×ભવિષ્યની આશાઓનો નાશ કરે.

વિપ્ર ધીરજ વિનવી કહે રે, સાહ્ય કરો આ વાર;
જગની અનિષ્ટ મરકી હરિ હરો તો, હરખે સકળ
સમાજ, રહ્યો નહીં મર્ણ તણો અંદાજ;
મરકી જ્વર પલિત વળગી મુંબઈને, બહુ કરે
તારાજ, જોઈ સહુ થાય છે નારાજ;
હાર્યો અરજ કરી જગદીશ્વર, દીન દયાળ, હે જગ-
રાજ, સુણો કો તુજ વિન રંક અવાજ. ૪

મરશીઆ.

હાય હાય રે સૂરતની સૂરત બગાડી,
પ્લેગ પાપીએ હડાય લગાડી રે,
હાય હાય રે સૂરતની. ૧

થયો પહેલો પ્રગટ એ મુંબાઈ,
કેર કીધો તેં થઈને કસાઈ,
પછી આવ્યો એ સૂરતમાં ધાઈ રે,
હાય હાય રે સૂરતની. ૨

તાવ આવે કે ગાંઠ ઉપડે છે,
તમ્મર ખાઈ પથારી પડે છે,
સગાં સંબંધી સર્વે રડે છે રે,
હાય હાય રે સૂરતની. ૩

ગાંઠ જોઈ કે જીવ ગભરાય છે,
જોત જોતામાં ઝેર ચઢી જાય છે,
જીવ લેવા સારૂ ગાંઠ થાય છે રે,
હાય હાય રે સૂરતની. ૪

ક્રૂર તાકીને તલપ તેં મારી,
ફૂટી ખાધાં છે નર અને નારી,
ધૂમ મચવા તેં ભૂમિમાં ભારી રે,
હાય હાય રે સૂરતની. ૫

કાર કરે ના કોઈ દવાઈ,
આવી સૂરત પર સખત તવાઈ,
એવી દીઠી ન આફત સવાઈ રે,
હાય હાય રે સૂરતની. ૬

તાપી તટે લાશો લટકાવી,
નાંખી બદ્ધાંની નજર ફટકાવી,
ગાડી ઓછી કરી અટકાવી રે,
હાય હાય રે સૂરતની. ૭

કામ કોલેરાથી તારૂં ભારી,
કરી નાંખી છે દેશની ખુવારી,
નાંખ્યાં ગરદન તેં કઈકને મારી રે,
હાય હાય રે સૂરતની. ૮

બાળ્યું કયા જનમનું તેં સાટું,
આખી દુનિયાનું મન કર્યું ખાટું,
બાપી પડતા પર માર્યું તેં પાટુ રે,
હાય હાય રે સૂરતની. ૯

તેં તો સેગ્રીગેશન કેંપ કાઢી,
દીઠું ન્હોતું એવું કોઈ દહાડી,
તે તો આજે તેં દીધું દેખાડી રે,
હાય હાય રે સૂરતની. ૧૦

શાણી સરકાર મદદ કરે છે,

બહુ રઇયતની દયા ખરે છે,
જેનું આવી બન્યું તે મરે છે રે,
હાય હાય રે સૂરતની. ૧૧

એનો ઇલાજ ફતેહમંદ નીવડશે,
કોઈ કેસ ન જ્યારે બગડશે,
ત્યારે પ્રભુનો લાલ કહેવો પડશે રે,
હાય હાય રે સૂરતની. ૧૨

સઉ મંદ પડ્યો વણજ વેપાર,
માલ મોકલાય નહીં ગામ બ્હાર,
તેથી સૂઝે ન વાર કે તહેવાર રે,
હાય હાય રે સૂરતની. ૧૩

ત્હારી બ્હાર્કે બહુ નાસ ભાગ થઇ છે,
જાન માલ ખોઈ વિપત્તી સહી છે,
ત્હારી હેબતે અક્કલ ગઈ છે રે,
હાય હાય રે સૂરતની. ૧૪

કૂચ કરી ગામે ગામ ધાય,
ભર્યું ખપ્પર ન પેટ ભરાય,
પ્લેગ પાપી અઘાપી ન જાય રે,
હાય હાય રે સૂરતની. ૧૫

ચેપી રોગ જંતુ ઝેર વીફરે છે,
ચેપ લાગી પટ્ટ માનવી મરે છે,
સરકાર કોટી કલ્પના કરે છે રે,
હાય હાય રે સૂરતની. ૧૬

હિત રૈયતનું મનમાં વિચારી,

કીધો સરકારે આપતો જારી,
કટુ ઔષધ અંતે ગુણકારી રે,
હાય હાય રે સૂરતની. ૧૭
આવી મરકીની આફત અણધારી,
કબરસ્થાનોમાં કબરો વધારી,
બધાં મસાણો ગજવ્યાં સંહારી રે,
હાય હાય રે સૂરતની. ૧૮
પ્હેલે વણ તેડે દુષ્કાળ આવ્યો,
લાગ જોઈ લલચાવી પ્લેગ લાવ્યો,
તેણે બધા મુલકને સતાવ્યો રે,
હાય હાય રે સૂરતની. ૧૯
પ્લેગ દુષ્કાળે મચાવી મસ્તી,
ખાખા વીખી કરી નાખી વસ્તી,
બહુ સરકારને આપે છે તસ્દી રે,
હાય હાય રે સૂરતની. ૨૦
પ્લેગ દુષ્કાળે બાકી ન રાખી,
રાજા પરજાને ખરચમાં નાખી,
જોઈ દુખી છે દુનિયા આખી રે,
હાય હાય રે સૂરતની. ૨૧
વીરક્ષેત્રનો વિનાશ કરે ભારે,
વાઘ વકર્યાને કોણ જઈ વારે,
જ્હારે ધાય તેને વેરી થઈ મારે રે,
હાય હાય રે સૂરતની. ૨૨
પ્લેગ દૈત્ય બહુ સુરત સતાવે,

ફાડી મુખ હજી દહેશત બતાવે,
પ્રભુ ધારે તો મારી હઠાવે રે,
હાય હાય રે સૂરતની. ૨૩

એક તો ચાલે ઘણી મોઘવારી,
તેમાં મરકીનો જુલમ છે કારી,
એથી બીજું શું દુઃખ છે ભારી રે,
હાય હાય રે સૂરતની. ૨૪

પ્લેગ કાળા મ્હોનો ક્યાંથી આવ્યો,
મારી ધંધાને દૂર હઠાવ્યો,
ભાવ કડિયા ચૂનાનો ચઢાવ્યો રે,
હાય હાય રે સૂરતની. ૨૫

ભારે ભંગીને કીધી કમાણી,
તેની જોડે રળાવ્યા મસાણી,
શ્વાન સ્મશાનીએ મોજ માણી રે,
હાય હાય રે સૂરતની. ૨૬

શશિ[૧] નિધિ[૯] શંકર[૫] વિધિ[૪] મુખથી,
માસ[૨] પક્ષ[૨] તિથિ[૨] અયન[૨]* અચૂકથી,
ગણી લેજો સંવત્સર ફૂણથી રે,
હાય હાય રે સૂરતની. ૨૭

શોક જનકનો આ ચિંતર્યો ચિતાર,
ધીરજ કહેતાં ન આવે તેનો પાર,
એવી આફતથી પ્રભુ ઊગાર રે,
હાય હાય રે સૂરતની. ૨૮

---

* માસ પક્ષ, તિથિ અયન. એ દરેકમાં બીજો લેવો: એટલે માગશર વ૦ બીજ દક્ષિણાયન.

મરકીનાં ચિન્હો.

હરિગિત છંદ.

(સોરઠ વગેરે રાગોની મઝલમાં ગવાય છે.)

આ ઝેરી જ્વર મરકી તણું, ચિન્હોમાં જ્વર સરદાર છે;
એચેની સન્નિપાત ગ્રંથી, મરકીનું દરબાર છે;
જ્વર આવતાં અવયવ ધ્રુજે, ગાત્રો શિથિળ ઝટ થાય છે;
વળી કાખ જંઘા કર્ણ મૂળમાં, ઝેરી ગાંઠ જણાય છે. ૧
મળબંધ કે ઝરટો થઈ, ઉબકા અને ઉલટી થતી;
ઝટ લોહીનું પાણી કરે, વળી કંઠ બેસે છે અતિ;
ઝુંપણું થઇ સુસ્તી વધે, દુખ થાય જ્વર સંયોગથી;
નિસ્તેજ થઇ નબળો પડે, હડખાયા જેવા રોગથી. ૨
પિતૃ પુત્ર સ્ત્રી અડકે નહીં, ઝટ જોઇ સટકી જાય છે;
ઝેરી હવા વિષ જંતુઓ, આવીને ખાવા ધાય છે;
હબકે છે આદમ હેબતે, હિજરાઈ મન મુઝાય છે;
ઝેરી જુદાઈ આગથી, ગભરાઈ બહુ ગુંચાય છે. ૩
ફ્સવાટ થઈ બહુ કાળજે, જ્વર દર્દી દિલ દુખાય છે;
અકળાય જીવ ચઢી પડે, મૃત્યુ તણી ઉર હાય છે;
વિજળી સમો સત્વર ધુમે, મરકીનો જ્વર ઝેરી ખરે;
મન મગજ દરદ વડે ભમે, બેહોશ થઇ બકના કરે. ૪
અતિ તાવ દુખથી તરફડે, શિર વેદના ન ખમાય છે;
જ્વર સન્નિપાત અસાધ્ય થઈ, જન માટીમાં ગળી જાય છે;
થઈ સોથ* ફૂલે ફેફસાં, આ વ્યાધિ વધુ આવી અડે;

* સોજો.

જો ગુપ્ત રાખે રોગ તો, કીડા પડી ઘરમાં સડે. ૫
વળી સ્વાર્થ ને પરમાર્થ ચાહો, તો ખબર સત્વર કરો;
ત્યાગો ત્વરાથી ધામ નહીં તો, મોત વિણુ નિશ્ચે મરો;
કદિ હોય ભીતર ગાંઠ પણુ, દેખાય નહિ સાંધા વિષે;
જીવ લેણુ મરકી જાણુવી, દમ દુઃખથી લેતો દિસે. ૬
ખાંસે છે વારં વાર તે, થુક રંગ ભૂરો લાલ છે;
થુક માંહી ઝેરી જંતુ છે, તે લાળ કાળ કરાળ છે;
બેશુદ્ધ બનીને એકદમ, જોતાં જ ઝાંએ જાય છે;
શરૂઆતમાં સમજે નહીં તો, મૃત્યુને વશ થાય છે. ૭
ચેતી જ ચાલો મિત્ર સૌ, જ્વર મરકી છે બહુ જાતની;
સારા ચિકિત્સક અનુભવીની, લ્યો સલાહ સૌ વાતની;
કદિ ગાંઠ ઘાલે નહીં તથાપી, મૃત્યુ યોગ બુખારથી;
સારો નસીબો હોય તો, ઉગરે જ મરકી મારથી. ૮
કમજાત મરકી મૃત્યુથી, લંઘાર મુડદાંની સુણી;
સંહાર જોઈ આ વાર, કમકમી ખાય ગાંડા ને ગુણી;
ચિતરી ચઢે છે ચિત વિષે, જાની જીગર હાની ખરી;
શીળી અને મહામારીથી, આ મરકીએ અવધી કરી. ૯
એ મરકીવાળાને શરીર, કપડે પથારીમાં ખરે;
જંતુઓ ઝેરી હોય છે, જન સ્પર્શતાં નિશ્ચે મરે;
એ રોગીનાં તન વસ્ત્રને, મળ મૂત્ર પરસેવા વિષે;
જો સૂક્ષ્મદર્શક યંત્રથી, બહુ મરકીના જંતુ દિસે. ૧૦
એ રોગી પાસે જો જશો, તો વેરી થઈ વળગી જશે;
નહિ ચેતી ચાલે માનવી, તે મરકીને ફાંસે ફસે,
એ રોગીના સંયોગમાં, સંભાળ જો રાખે નહીં;
તો જાય જંતુ નાસિકા, મુખદ્વાર પગ ચીરા મહીં. ૧૧
થઈ એકના અગણીત જંતુ, અંગમાં ફેલાય છે;
એ જ્ઞાનની ખામી થકી, મરકી બધે પથરાય છે;

ઉધાઈ ખાયે ગ્રંથને, ત્યમ ખાય મરકી આદમી;
સૂક્ષ્મ જંતુ મર્કી જ્વરના, રોમ રોમે રહે રમી. ૧૨
જનમીને જંતુ ગંદકીમાં, કાળ રૂપ ધરી ફરે;
સાવધ નહીં જો જન રહે, તો પ્રાણને નિશ્ચે હરે;
વાસી સડેલું ધાન્ય અતિ, શ્રમ મલિન વસ્ત્રોને તજો;
વળી સદ્ય શોધો યુક્તિઓ, જન શ્રી હરિ ભાવે ભજો. ૧૩
મરકી પ્રગટ થાતાં પ્રથમ, ઊંદર ખણૂતરને દમે;
તે તર્ફડી મરતાં જ જોઈ, ઘર તજો તેવે સમે;
ઘર તજે ઊંદર મર્યા જોઈ, તે સહુ બચતા દિસે;
જન તુર્ત મૃત્યુ શરણ થાતાં, જે રહે તે ઘર વિષે. ૧૪
સકળ ઊંદર વિકળ થઈને, ચપળતા કી ફરે;
મરે દર તજી ઘરમાં બધા, કર ચરણ ઝડકે તે મરે;
ઊંદર ભણીના વાયુથી, જંતુ અણુ સમ ઊડશે;
જાશે જણમને શ્વાસમાં, જ્વર મર્કીના રોગી થશે. ૧૫
એ રોગીની જે લાશ નીચે, નાખ્યું હોય તે ઘાસને;
ઢોર ખાતાંમાં મરે, મરે શ્વાન ખાતાં માંસને;
જો સૂક્ષ્મ જંતુ મર્કીનાં, જાએ શરીરમાં કોઈ ત્હેરે;
દાખલ થતાં માંદો પડી, તે જોત જોતામાં મરે. ૧૬
થાતાં પ્રવેશ શરીરમાં, વિપરીત રીતે પોષાય છે;
લાગે ઊધાઈ વૃક્ષને જેમ, દેહ ત્યમ શોષાય છે;
પ્રારબ્ધ કહીને આળસુ જન, આગને જે બાઝશે;
અગ્નિનો ગુણ છે બાળવાનો, સ્પર્શ કરતાં દાઝશે. ૧૭
ગ્રંથી જ્વર વિષ જંતુ ચેપી, ચોટમાં ચૂકે નહીં;
નહીં નિયમ ઉપલા પાળતાં, માર્યા વિના મૂકે નહીં;
ભાવી પ્રબળ કહેવું ખરૂં, પણ ઝેર અગ્નિ તો નડે;
વાસું વિચારી નવ કરે, હાર્યું પછી કરવું પડે. ૧૮

હોય તેલ બત્તી દીપકે, સંભાળ વિણુ હોલાય છે;
દેહ ધર્મને પાળો સદા, બહુ જીંદગી જળવાય છે;
વપુ નીતિ નિયમો જાળવી, વિસરો ન લેશ હરી હદે;
અટકાવો વ્યાધિ આવતાં, સૌ શાસ્ત્ર વૈદકનાં વદે. ૧૯
બે વર્ષથી આ પ્લેગ હેગ, ચઢાવીને દમતો દિસે;
મૂજી અનાડી મર્કીથી, જન જોઈ થર્કે જગ વિષે;
ગરકી ગયાં મર્કી મહીં, ભાગ્યે છ જન ભુંડી હજુ;
અવિનાશી ઈશ્વર સ્હાય થા, કોણુ માત્ર માણુસનું ગજુ.૨૦
મર્કીથી પીડિત પ્રજા જોઈ, દાઝે છે દિલ સરકારનું;
મર્કી સમાવા શ્રમ કરે, કરે કામ પર ઉપકારનું;
હૈયે વિચારી હિત પ્રજાનું, મર્ણથી ઉગારવા;
અજમાવી યુક્તિઓ અધિક, આ ઝેરી જ્વર સંહારવા.૨૧
આ પ્લેગને નાબૂદ કરવા, રાજ્યે રાખ્યા બહુ;
હર નીશ રક્ષણુ બહુ કરે, સરકારના ગુણ શું કહું;
આશીષ ધીરજરામ દે, કલ્યાણુ કર શ્રી રાણીનું;
આબાદ રહો આ રાજ્ય અહિં, વિક્ટોરીઆ મહારાણીનું.૨૨

મનહર છંદ.

લોજ કે હુનેજ કે બીનાશ ભરી બોયવાળાં,
હવા કે ઉજાશની કચાશના મકાનમાં,
ખાન પાન તણું ભાન રાખે ન બેભાન કદી,
ખાય છે કધાન ઘૂમે કેફના ગુમાનમાં,
સાન વનો ભાન ભૂલી તાનમાં તોફાન કરે,
જ્ઞાનમાં નાદાન લેખું એ પગાં હેવાનમાં,
ઉપલાં નિશાન વાળો જાન તણી હાણુ કરે,
ધીરજ કહે છે માન મોતના મ્હેમાનમાં.